# ભારતીય જનતા પાર્ટી

"પંડિત દીનદયાળ ભવન", ભારતીય જનતા પાર્ટી કાર્યાલય, સત્યનગરની સામે,
ઉધના–નવસારી મેઈન રોડ, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ,                                                                                    તા. ૦૪/૦૩/૨૦૧૭

તંત્રીશ્રી,

..................................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

## "આતંરરાષ્ટ્રીય મહિલા દિવસ"ની અનોખી ઉજવણી

- **વિવિધ સરકારી યોજનાઓ અને મહિલાઓ માટે નિઃશુલ્ક કાનૂની સલાહ કેન્દ્ર ભારતીય જનતા પાર્ટીના કાર્યાલય ખાતે શરૂ કરાયો.**
- **ભાજપ–સુરત મહાનગર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળાની પ્રેરણાથી આ કેન્દ્ર શરૂ કરાયો : શ્રીમતી દર્શિનીબેન કોઠીયા, મંત્રી, ગુજરાત પ્રદેશ, ભાજપ**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીશ્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળાની પ્રેરણાથી "મહિલા સન્માન માર્ગદર્શક સમિતિ" દ્વારા આજથી ભાજપ કાર્યાલય ખાતે નિઃશુલ્ક કાનૂની સલાહ તથા વિવિધ સરકારી યોજનાઓની માહિતી માટે એક સેવા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. તેમ ગુજરાત પ્રદેશ, ભાજપના મંત્રી તથા સુરત શહેર મહિલા મોરચા અધ્યક્ષા શ્રીમતી દર્શિનીબેન કોઠીયાએ જણાવ્યું હતુ.

# ભારતીય જનતા પાર્ટી

"પંડિત દીનદયાળ ભવન", ભારતીય જનતા પાર્ટી કાર્યાલય, સત્યનગરની સામે,
ઉધના–નવસારી મેઈન રોડ, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

"પંડિત દીનદયાળ ભવન", ભારતીય જનતા પાર્ટી કાર્યાલય, ઉધના ખાતે આજ રોજ શરૂ કરાયેલ સેવા કેન્દ્ર અંગે માહિતી આપતા અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળાએ જણાવ્યું કે છેવાડાના માનવીના ઉત્થાનના ધ્યેય સાથે જ ભારતીય જનતા પાર્ટીનો જન્મ થયો છે. વિકાસના ફળો છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે ભારતીય જનતા પાર્ટી હરહંમેશ પ્રયત્નશીલ છે અને આથી આ જ દિશામાં આજરોજ ભારતીય જનતા પાર્ટી કાર્યાલય ખાતે સેવાનું વધુ એક સોપાન શરૂ કરવામાં આવ્યું છે. વિવિધ સરકારી યોજનાઓની માહિતી લોકોને સરળતાથી મળી રહે તથા વધુમાં વધુ લોકો આ સરકારી યોજનાઓનો લાભ લે તે માટે તથા મહિલાઓને વિનામૂલ્યે કાનૂની સલાહ તથા સેવા મળી રહે તે માટે આજ થી જ ભારતીય જનતા પાર્ટી કાર્યાલય ખાતે એક સેવા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે.

આજના સેવા કેન્દ્રના ઉદ્ઘાટન કાર્યક્રમમાં ઉપસ્થિત ગુજરાત પ્રદેશ, ભાજપના મંત્રી શ્રીમતી દર્શિનીબેન કોઠીયાએ જણાવ્યું કે સરકારી યોજનાઓની માહિતી લોકોને સરળતાથી મળે અને મહિલાઓને નિઃશુલ્ક કાનૂની સહાય ભાજપ કાર્યાલય ખાતે થી જ મળી રહે તેવી અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળાની ઈચ્છા હતી. આથી તેમના આ વિચારને મૂર્તિમંત કરવા માટે તા. ૦૮/૦૩/૨૦૧૭ને બુધવારના રોજ આવતા "આતંરરાષ્ટ્રીય મહિલા દિન"ની ઉજવણી આ સેવાકીય માધ્યમથી શરૂ કરવાનું મહિલા મોરચા દ્વારા નક્કી કરવામાં આવ્યું હતું. જેને ધ્યાનમાં રાખીને આજરોજ "મહિલા સન્માન માર્ગદર્શક સમિતિ"ના નેજા હેઠળ આ સેવા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. આ સેવા કેન્દ્ર અઠવાડીયામાં ૩ દિવસ (સોમવાર, મંગળવાર અને બુધવાર) કાર્યરત રહેશે. જેમાં મહિલા મોરચાની એડવોકેટની ટીમ તથા અન્ય મહિલા કાર્યકર્તા બહેનો સેવા આપશે.

આજના સેવા કેન્દ્રના ઉદ્ઘાટન કાર્યક્રમમાં ભાજપ–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા, ગુજરાત પ્રદેશ, ભાજપના શ્રીમતી દર્શિનીબેન કોઠીયા, મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન શ્રી રાજેશભાઈ દેસાઈ, સુરત મહાનગરના મહામંત્રી શ્રી ડો. જગદિશભાઈ પટેલ, એડવોકેટ નેન્સીબેન શાહ અને પ્રતિભાબેન દેસાઈ, સુરત શહેરના મહામંત્રીશ્રીઓ, સુરત શહેરના હોદેદારશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.